## વડીલોને વંદન અભિનંદન



વિઠ્ઠલભાઈ કાળાભાઈ પ્રજાપતિ (૧૯૪૫)મો.૯૪૨૮૦૪૯૭૮



પી.જે.રાઠોડ (૧૯૪૩)ફોન:૨૩૨૧૧૧૧૭

# ડીસા માર્કેટયાર્ડની બે દુકાનોમાં મોડી રાત્રે આગ ભભુકી ઉઠતા અફરાતફરી

ડીસા, તા. ૯

ડીસામાં આવેલ માર્કેટયાર્ડમાં ગત મોડી રાત્રે દોઢેક વાગ્યાના સુમારે બે બારદાનની દુકાનમાં અકસ્માતે આગ લાગતા અફરાતફરી મચી હતી અને આ આગની જાણ થતાં પોલીસ અને ફાયર ફાઈટરની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા તેની ચપેટમાં બારદાનની બે દુકાનો આવી હતી. આગને તે બાદ બુઝાવવા ડીસા, પાલનપુર સહીતના ફાયર ફાઈટરો કામે લાગતા કલાકોની જહેમત બાદ આ આગ પર કાબુ મેળવાયો હતો.

બનાસકાંઠાના ડીસા માર્કેટયાર્ડમાં ઉત્તમભાઈ જીવનભાઈ બારોટ બારદાન વેચાણની પેઢી ધરાવે છે. માર્કેટયાર્ડમાં તેમની ૨૧૧ અને ૨૧૨ નંબરની દુકાનો આવેલી છે, આ દુકાનમાં અંદાજિત ૧૦ લાખના બારદાન ભરેલા હતા, જો કે ગત મોડી રાત્રે દોઢ વાગ્યા આસપાસ આ બન્ને દુકાનોમાં આગ લાગતા બાર્દાનો ભડકે બળવા લાગ્યા હતા અને પવનની ગતિએ આ આગ બન્ને દુકાનોમાં પ્રસરી હતી. જેનાથી સમગ્ર માર્કેટયાર્ડમાં દોડધામ મચી જવા પામી હતી. આ ઘટનાની માર્કેટયાર્ડ સેક્રેટરી વિનોદભાઈ પન્ચીવાલાને થતા તેમને ફાયર ફાઈટર અને પોલીસને જાણ કરી હતી, જ્યારે ઘટનાસ્થળે તે બાદ નાયબ કલેક્ટ દિગંત બ્રહ્મભટ્ટ, વિભાગીય પોલીસ અધિકારી એચ.આર.દેસાઈ અને પોલીસ કાફલો પહોંચ્યો હતો જેમને રાહત અને મદદ પહોંચાડી હતી. આ વિકરાળ આગ બુઝાવવા ડીસા અને પાલનપુરના અગ્નિશામક દળોએ કલાકો સુધી જહેમત ઉઠાવી હતી. જો કે બારદાનની આ બન્ને દુકાનોમાં રાખેલા અંદાજીત ૧૦ લાખથી વધુના બારદાન આગમાં સ્વાહા થયા છે. તેમજ એક સ્કૂટર પણ આગમાં હોમાયું હતુ. આ વહેપારી પેઢીની તિજોરીમાં પડેલા ૪ હજાર રોકડા પણ નાશ પામ્યા હતા. જોકે આગનું ચોક્કસ કારણ જાણવા પોલીસે પીડિત વહેપારીની જાણવા જોગ ફરિયાદ આધારે તપાસ હાથ ધરેલ છે. જો કે કોઈ જાનહાની ન થતા તંત્રે રાહતનો શ્વાસ લીધો છે અને કલાકો બાદની મહેનતે આ આગ પર કાબુ મેળવાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડીસા માર્કેટયાર્ડમાં બારદાનમાં આગ લાગવાની ઘટના સમયાંતરે બનતી રહે છે, અનેકોવાર બારદાનની ગોદામ સળગવાના બનાવો નોંધાયા છે અને જેમાં લાખોનું નુકશાન અંદાજાય છે. ત્યારે આ કહેવાતી આગની ઘટના બાબતે અનેક તર્ક વિતર્ક જોવા મળઈ રહ્યા છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## બાળ આયોગે અરવલ્લીના માલપુર પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી

મોડાસા, તા. ૯

બાળ આયોગ દ્વારા આજે અરવલ્લી જિલ્લાની બીજા દિવસની મુલાકાત દરમિયાન માલપુર તાલુકાના પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ ૧૮ વર્ષથી નીચેની વયના કેદી નથી તેની જાત તપાસ કરી વિસ્તૃત વિગતો મેળવી હતી.

પોલીસ સ્ટેશનમાં ૧૮ વર્ષથી નીચેના ગુમ થયેલા બાળકોની વિગતો, તેના માટે નિભાવવામાં આવતા રજીસ્ટરો, ગુમ થયેલ બાળકોને શોધવાની કામગીરી અને તેની પ્રગતિ, ગુનેગારો અને મહિલાઓ તથા બાળકો સાથે પોલીસનું માનવીય વર્તન જેવી અનેક બાબતોની તલસ્પર્શી માહિતી મેળવી તેમા સુધારા તેમજ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ વિષેની સમજ આપી તમામ પોલીસ સ્ટેશનમાં બાળ અધિકારને લગતા પોસ્ટર અવશ્ય લગાવાય તે અંગે ટકોર કરી હતી. ઉપરાંત સમાજ કલ્યાણને લગતી વિવિધ યોજનાઓ વિષે અધ્યક્ષા ડૉ. રામેશ્વરી પંડ્યાએ માર્ગદર્શન આપ્યું હતું.

જયારે જીતપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ કિશોરી, ધાત્રી માતાઓ, તાજા જન્મેલા બાળકોનું પ્રમાણ અને સેક્સ રેશીયા વિષેની જાણકારી મેળવી હતી. અને તમામ રજીસ્ટરો નિભાવવા અધ્યક્ષા ડૉ. રામેશ્વરી પંડ્યાએ જરૂરી સૂચનો કર્યા હતા.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

અરવલ્લી જિલ્લાના શામળાજી પોલીસ મથક વિસ્તારમાંથી વર્ષ ૨૦૦૯માં બાતમીના આધારે નાર્કોટીક્સની ટીમે કાશ્મીરથી ચરસ લઈ આવતા હોવાની બાતમી હતી. જેના આધારે નારકોટીક્સ વિભાગે અમદાવાદના જમાલપુરના યુસુફભાઈ વ્હોરા અને ઠાસરાના ફારુક વોહરાને ૨૦ કિલો ચરસના જથ્થા સાથે આ બે શખ્સોને જડપી લઈ કાર્યવાહી કર્યા બાદ આજે મોડાસા સેસન્સ કોર્ટમાં આ કેસ ચાલી જતા મોડાસા સેસન્સ કોર્ટ દ્વારા યુસુફભાઈને ૨૦ વર્ષની સજાની કેદ તેમજ ૩ લાખ રૂપિયાનો દંડ તેમજ ફારુક વોહરાના ૧૦ વર્ષની કેદ અને રૂપિયા ૧ લાખનો દંડ ફટકાર્યો હતો. આ બંને આરોપીને સેસન્સ કોર્ટે સજા ફટકારતા ચકચાર મચી જવા પામી છે.

# પ્રાંતિજ-તલોદની સીમ પર આવેલ ભેખડમાંથી ચાર દિવસથી પાણી નીકળતા લોકોના ટોળેટોળા ઉમટી પડયા

### પાણી એટલું મીઠું અને ઠંડુ છે કે ગરમીમાં કલેજે ઠંડક વળે છે

પ્રાંતિજ, તા.૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના મુધાસણા ગામ પાસેથી ખારી નદીની ભેખડમાંથી પાણીના ચુવાળો ફુટવાની વાત વાયુવેગે સમાચાર પ્રસરી જતા લોકોના ટોળે ટોળા ઉમટી પડયાં હતાં.

તલોદ-પ્રાંતિજની સીમા પર આવેલ મુધાસણા ગામેથી પસાર થતી ખારી નદીના કિનારે આવેલ ભેખડોની હારમાળાઓમાંની એક નદીથી ૨૦ફુટ ઉંચી આવેલ ભેખડની મધ્ય બિંદુમાંથી અચાનક પાણી ધીમી ગતીએ ઝરણું નીકળતા વાયુવેગે સમાચાર પ્રસરતા લોકોમાં કુતુહલ જોવા મળ્યું હતું અને આજુબાજુના વિસ્તારોમાંથી લોકો આ નજારો જોવા ઉમટી પડયા હતા. જયારે આ વિસ્તારમાં પાણી ના હોવાથી અચાનક પાણી મળી આવતાં અહીંથી પસાર થતાં ખેડૂતો તથા ખેતમજુરો પશુપાલકો આ પાણી પીવાલાયક હોવાથી ત્યાંથી આવતા જતાં તથા આ કુદરતી નજારો નિહાળવા આવે છે. અને લોકો પાણી પીવે છે અને બોટલો પણ ભરી જાય છે જયારે પાણી એટલું મીઠું અને શુધ્ધ હોવાથી લોકો બાટલા ભરી ઘરે લઈ જાય છે જયારે આ અંગે મુધાસણ ગામના સરપંચના જણાવ્યા પ્રમાણે ચાર દિવસથી સતત પાણીનો અડધાની ચકલી જેટલો સતત ધોધ અચાનક વહ્યા કરે છે જેથી સરપંચ દ્વારા તંત્રને પણ ધ્યાન દોરવામાં આવ્યું છતાં તંત્રના કોઈ પણ અધિકારીઓ હજુ સુધી કોઈ ડોકાયા નથી જયારે આવતાં જતાં લોકો હાલ તો પાણી પીને બોટલો ઘરે ભરી જાય છે આ તો શ્રધ્ધા કે અંધશ્રધ્ધા એ આવનાર દિવસોમાં જાણવાનું રહ્યું.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



## મુખ્યમંત્રી આજે આણંદમાં ડેરી પ્રદર્શન-પશુ સ્પર્ધાને ખુલ્લા મુકશે

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ શુક્રવાર ૧૦ એપ્રિલ ૨૦૧૫ના સવારે આણંદ-ચીખોદરામાં ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય ડેરી પ્રદર્શન અને પશુ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન કરશે.

ગુજરાત પ્રોગ્રેસીવ ફાર્મર્સ એસોસીએશન દ્વારા આયોજીત આ પ્રદર્શન અને પશુ સ્પર્ધા તા. ૧૨ એપ્રિલ રવિવાર સુધી યોજાવાના છે.

ડેરી ફાર્મર્સ-દૂધ ઉત્પાદન અને પશુ આરોગ્ય જતન-માવજતને પ્રોત્સાહિત કરવા જી.પી.ડી.એફ.એ. દ્વારા આ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન યોજાઈ રહી છે.






(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### પાલનપુર સિવીલ સોલર યુકત : ૧૯૫ કિલો વોટનું થશે ઉત્પાદન

બનાસકાંઠા હોસ્પિટલ સિવીલમાં આજથી ૧૯૬કિલો વોટ વીજળી ઉત્પન્ન કરતી સોલર પ્લાન્ટની કામગીરી હાથ ધરાશે જેના પગલે દૈનિક ૭૦૦ યુનિટ વીજળીનો બચાવ થશે તથા અંદાજીત રૂપિયા ચાર હજારનો દૈનિક બચાવ થશે. આજથી બનાસકાંઠાની સિવિલ હોસ્પિટલમાં સોલાર પ્લાન્ટની કામગીરી હાથ ધરાનાર છે.ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા દોઢ કરોડથી વધુની કિંમતે સોલાર પ્લાન્ટનું નિર્માણ કરાયું છે. પાલનપુરની સિવિલ હોસ્પિટલના બિલ્ડીંગ ઉપર તમામ સોલર પેનલ લગાવાઈ છે. સોલર પેનલના પગલે દૈનિક ૧૯૫ કિલો વોટ વીજળી ઉત્પન્ન થશે જેથી દૈનિક ૭૦૦ યુનિટ વીજળી મેળવી શકાશે. પાલનપુરમાં પ્રથમવાર ૧૯૫ કિલો વોટ ધરાવનાર સોલર પ્લાન્ટ સિવીલ ખાતે શરૂ થનાર છે. ત્યારે દૈનિક રૂપિયા ચાર હજારથી વધુનો બચાવ થશે. જો કે એક બાજુ સરકાર સોલર પ્લાન્ટ થકી સવિલ હોસ્પિટલમાં આધુનિક સવગડ સાથે ખર્ચમાં ઘટાડો કરવાનો પ્રયાસ કરે છે તો બીજી તરફ સિવિલ હોસ્પિટલમાં ડોકટર સહીતના સ્ટાફની અછત માટે કોઈ પગલા ભરાતા નથી.

## શબ્દાવલી - ૫૬૯૬





### આડી ચાવી

૧. બંધ, પુલ (૨)
૩. સરળ, ભોળું (૪)
૬. ગોદામ (૩)
૮. ખેદાનમેદાન (૩)
૧૦. એના જેવું જ (૩)
૧૨. મક્કાની યાત્રા (૨)
૧૩. ખુબ સેવા કરવી, ... કરવા (૪)
૧૫. યોગ્ય (૩)
૧૮. ગર્જના (૩)
૨૦. ગર્જના (૩)
૨૧. વાનર (૩)
૨૨. ચિંતા, ઉપાધિ (૨)
૨૩. સરસ જેવો ઉદ્‌ગાર (૨)
૨૪. નોકર (૨)
૨૫. કર્ણ, સાંભળવાળી ઇન્દ્રિય (૨)

### ઊભી ચાવી

૨. ગામઠી ભાષામાં તુવેર(૩)
૩. પાણી (૨)
૪. વેલ (૨)
૫. વખાણવું (૪)
૭. લેવાદેણીનું લખાણ (૨)
૯. કાજી, નિર્ણય સંભાળનાર (૨)
૧૦. ભજવવું, ખેલ કરવો (૪)
૧૧. સુવર્ણ દોરો, સોનાની ચેન (૩)
૧૪. પક્ષાપક્ષી, જુદાઇ (૪)
૧૬. માણસ, પુરુષ, ભૂત (૨)
૧૭. ડરપોક (૩)
૧૯. હુકમ (૪)
૨૨. એક ઋષિ, માપ (૨)

### શબ્દાવલી ૫૬૯૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિતરણ (૩) પોચક (૫) બંકર (૬) હયાત (૮) કારગીલ (૧૦) અનાવરણ (૧૨) ઢગ (૧૩) હેતુ (૧૪) ચણ (૧૫) પાસળી (૧૮) સવારી (૧૯) ષટકોણ

**ઊભી ચાવી :-** (૧) વિવાહ (૨) રહિત (૩) પોક (૪) ચર (૫) બંધારણ (૭) યાતના (૮) કારતુસ (૯) લઢણ (૧૦) અજવાસ (૧૧) વહેપારી (૧૬) વીષ (૧૭) વેણ

### કઠોળ આપશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આંકડો ઘટીને ૩૬નો થયો છે તેમજ માતાઓનો મરણ આંક ૧૪૭થી ઘટાડીને ૧૧૨ આવી ગયો છે. તેમ છતાં અન્ય દેશોની સરખામણીમાં આપણે હજુ થોડાક પાછળ છીએ. પોષણનો અભાવ હોવાથી બાળક ઓછા વજનવાળુ જન્મે છે તેમજ ક્યારેક બાળકની પ્રસુતિ ઘરે થતી હોવાથી માતા અને બાળ મરણનું પ્રમાણ વધુ થતું હોવાનું ધ્યાને આવ્યું છે. આવી પરિસ્થિતિમાં સગર્ભા બહેનો પ્રોટીનની માત્રા વધુ મળી રહે જેથી તેનામાં હિમોગ્લોબીનનું પ્રમાણ વધે અને પ્રસુતિ દવાખાનામાં થાય તેવા આશયથી મહાનગરપાલિકા વિસ્તારમાં કઠોળની યોજના અમલી બનાવી છે. તે ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ કસ્તુરબા, જનની સુરક્ષા અને જનની શિશુ સુરક્ષા જેવી અનેક યોજનાઓ અમલી બનાવેલ છે.

તેમણે મહાનગરપાલિકા વિસ્તારની આરોગ્ય સુવિધાની વાત કરતાં જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૨ દવાખાના, એક-એક જુના અને નવા સચિવાલયમાં દવાખાના કાર્યરત છે. તે ઉપરાંત તાજેતરમાં સેક્ટર-૨, ૨૪, ૨૯ અને પાલજ વિસ્તારમાં શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. આ તમામ આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા પાછળ ગરીબ આવાસોને પ્રથમ ધ્યાને રાખવામાં આવ્યા છે. હાલમાં ગાંધીનગર શહેરમાં ૧૫ જેટલા સ્થળોએ સ્લમ વિસ્તાર આવેલ છે, જેમાં અંદાજે ૪૫ હજાર વ્યક્તિઓ રહે છે. તેમને યોગ્ય આરોગ્ય સુવિધા મળી રહે તેને પણ મહાનગરપાલિકા દ્વારા પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ બેઠકમાં મહાનગરપાલિકા વિસ્તારના ડૉ. શ્રદ્ધા રાજપૂત પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ડોક્યુમેન્ટરી તૈયાર થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધોરણે રાજયની ૫૩ પ્રાયમીક શાળાઓનો સમવાશે કરવામાં આવ્યો હતો. જેમાંથી દરેક પ્રાયમીક શાળાના ધાબાઓ ઉપર રૂપિયા બેલાખના ખર્ચે સોલર પેનલ લગાવવામાં આવી હતી. જેની મદદથી શાળાઓના ઓરડાના પંખા, ટ્યુબલાઈટ તેમજ પાણીની મોટર સહીતના ઉપકરણો ચલાવવામાં આવે છે. રાજય સરકાર દ્વારા આ પ્રોજેક્ટ માટે છ માપદંડ જેવા કે જમીન, હવા, પાણી, ઉર્જા, કચરાનો નિકાલ અને શાળાનું બિલ્ડીંગના આધારે શાળાઓની પસંદગી કરાઈ હતી ત્યારે હવે આ પ્રોજેક્ટની પ્રસિધ્ધી આંતરાષ્ટ્રીય સ્તરે વિસ્તરતા વિશ્વબેંક દ્વારા આ પ્રોજેક્ટ ઉપર ડોક્યુમેન્ટરી તૈયાર કરવામાં આવી રહી છે. વિશ્વબેંક દ્વારા પ્રથમ વખત આ રીતે કોઈ રાજય સરકારના પ્રોજેક્ટ ઉપર ડોક્યુમેન્ટરી બનાવવામાં આવી રહી છે આ ડોક્યુમેન્ટરીનાં શુટિંગ માટે મહેસાણા જિલ્લાના મોટી દાઉ ગામે આવેલ પ્રાથમિક શાળા અને બનાસકાંઠા જિલ્લાના કણોદરા ખાતે આવેલ પ્રાથમિક શાળાની પસંદગી કરવામાં આવી હતી જેના આધારે વિશ્વબેંક ટીમ દ્વારા આ શાળાઓના ડોક્યુમેન્ટરી ફિલ્મનું શુટિંગ કરવામાં આવ્યું હતુ પોતાના ગામની શાળાને વૈશ્વિક સ્તરે પ્રસિધ્ધી મળવાની હોઈ ગ્રામજનો અને વિદ્યાર્થીઓમાં પણ આનંદની લાગણી જોવા મળી રહી છે.

### કામ અટવાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધુરું કામ ઝડપભેર હાથ ધરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેકટરના આંતરિક રસ્તાનું કામ ઝડપભેર પૂર્ણ નહી કરવામાં આવે તો રહીશો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. વધુમાં માર્ગનું કામ જયાં પૂર્ણ નહીં થાય તો મહિલાઓ કાળી સાડીઓ પહેરી પાટનગર યોજના ભવન સમક્ષ દેખાવો કરશે.

# રાજ્યની ૧૬૦મી નારી અદાલત ટૂંકમાં શરૂ થશે

અમદાવાદ, તા.૯

ઉત્તમ સમાજ નિર્માણ માટે સંવેદના અને સમજણ દાખવી મહિલાઓએ પોતાની ભૂમિકા ભજવવી જોઈએ એમ ગુજરાત રાજય મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલિયાએ જણાવ્યું હતું. ગુજરાત રાજય મહિલા આયોગ અને અમદાવાદ મહાનગર સેવાસદના સંયુકત ઉપક્રમે અમદાવાદ ખાતે નારી અદાલતના માર્ગદર્શન અને મહિલા સંમેલન યોજાયું હતું.વિશાળ મહિલા મેદનીને સંબોધતા અધ્યક્ષાએ વધુમાં જણાવ્યું હતું કે, રાજયમાં ૧૪૨ નારી અદાલતો કાર્યરક છે અને અમદાવાદમાં ૧૬૦મી નારી અદાલતની રચના કરવામાં આવશે.

રાજયની બહેનોના પ્રશ્નો અને સમસ્યાઓનો સ્થાનિક સ્તરે થી જ ઉકેલ મળે તે માટે મુખ્યમંત્રીએ ૨.૫ કરોડની ગ્રાન્ટ ફાળવી નારી અદાલતો પ્રારંભ કરાવી છે. સમાજ વિકાસમાં મહિલાને સહભાગી બનાવવાના સરકારના પ્રયત્નોના ભાગરૂપે ઉજવાયેલા મહિલા સશક્તિકરણ પખવાડિયાની વાત કરતા તેમણે જણાવ્યું કે, શૈક્ષણિક, સામાજિક અને આર્થિક રીતે મજબૂત બની સ્ત્રીએ પોતાનું યોગદાન આપવાનું છે. ૧૮૧ અભયમ હેલ્પલાઈન અંગે જાણકારી આપી જણાવ્યું હતું કે, ના છૂટકે અને કોઈ જ ઉપાયના રહે ત્યારે જટિલ પ્રશ્નોના સમાધાન અને ઉકેલ માટે આ નારી અદાલતો કાર્યરત છે.

નારી અદાલતોમાં મહિલાના હિત માટે અને વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવે છે જેમાં પતિ,પિતા, અને ભાઈ પણ મદદ લે છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

### રોગચાળાને અટકાવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં પુરો પાડવામાં આવતા પાણી પુરવઠામાં રેસી. ક્લોરીનની માત્રા નીલ છે. જે અતિ ગંભીર બાબત ગણાય. પીવાના પાણીના માપદંડ મુજબ પુરો પાડવામાં આવતા પાણીમાં રેસી. ક્લોરીનની માત્રા ૦.૨ થી ૦.૪ પી.પી.એમ. હોવી જરૂરી છે. તો આ બાબતે જે તે વિભાગને સૂચનો આપવા વિનંતી છે કે જેથી ગાંધીનગરના રહેવાસીઓને શુદ્ધ પાણી આપી શકાય.

### મોન્ટુ પટેલની વરણી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુવાન મોન્ટુકુમાર મુકેશકુમાર પટેલ, ઉપપ્રમુખ તરીકે શ્રેણિક કાંતિલાલ શાહ, ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના મેમ્બર તરીકે ડૉ. સી.એન. પટેલ, ખજાનચી તરીકે હિતેષ વિનેશભાઈ ભુરીયા, એકઝીક્યુટીવ કમિટીના મેમ્બર તરીકે જોલીબેન રાજેશભાઈ પરીખ, ડૉ. મહેશ શિવલાલ વકેરીયા, ભરતભાઈ બળદેવભાઈ પટેલ, કાઉન્સિલ મેમ્બર તરીકે ધવલકુમાર વસંતલાલ પટેલ, પ્રકાશ ઈન્દ્રકાન્ત શાહ, મહેશ શિવલાલ વકેરીયા, ડૉ. શ્રીકાંત જોષી, કમલેશ લલિત ભાઈ ઉદાણી, ડૉ. કિર્તી ઝવેરચંદ પટેલ, કમિશનર તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજય-કમિશનર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગુજરાત રાજય વી.એન. પટેલ, ધર્મેશ અગ્રવાલ, ગીરીશ વાઘેલાની વરણી કરવામાં આવી છે. જેથી મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

### પ્રક્રિયા વિલંબમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારી કચેરીઓમાં આઉટ સોર્સીંગથી જે સેવાઓ લેવામાં આવે છે તે અંગે એક ચોકકસ નીતિ ઘડવા માટે અને આ નીતિ થકી રાજય સરકારના નામા વેડફાઈ ન જાય તે દિશામાં પ્રયત્નો કરવા માટે પણ તકેદારી આયુકતે અનુરોધ કર્યો હતો.

જો કે સરકારી કચેરીમાં આઉટ સોર્સીંગથી લેવામાં આવતી સેવાઓ અંગે ચોકકસ નીતિ ઘડવાની પ્રક્રિયા હજુ સુધી હાથ ધરવામાં આવી ન હોઈ આ પ્રક્રિયા વિલંબમાં પડવા પામી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકાર દ્વારા હાથ ધરાતા કામોમાં ગુણવત્તા જળવાય તે માટે કેટલાક વિભાગોએ તકેદારી આયોગના પરામર્શમાં લીધેલા પગલાની પ્રશંસા કરી અન્ય વિભાગોને આ દિશામાં પ્રયત્નો કરવા પણ સૂચવવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

ટુંકી જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૫-૧૬

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨-૫૯૫૧૮) દ્વારા વીજળીકરણને લગતા ૫ (પાંચ) કામોની અંદાજીત કિંમત રૂ. ૨૨૩૪૧.૨૦ થી રૂ. ૯૫૩૧૯.૬૮ સુધીની છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૦૪/૨૦૧૫ થે અને પરત મેળવવાની છેલ્લી તા. ૧૬/૪/૨૦૧૫ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. માહિતી/૫૫/૨૦૧૫-૧૬

ટુંકી મુદતની નિવિદા

કમિશનર ગ્રામ વિકાસ કચેરી, ગાંધીનગરમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલ સ્પ્લીટ એસી તથા વીન્ડો એ.સી. સર્વિસીંગ તથા રીપેરીંગ અંગેના સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.
રસ ધરાવતી એજન્સીઓએ તા. ૨૪-૪-૨૦૧૫ના ૧૪.૦૦ કલાક સુધીમાં કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં. ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની વહીવટી શાખામાંથી રૂ. ૧૦૦/- ભરી રજા સિવાયના દિવસોમાં કચેરીના સમય દરમિયાન તે અંગેનું ટેન્ડર ડૉક્યુમેન્ટ મેળવી શકાશે. નિયત નમુનામાં સીલબંધ કવરમાં ટેન્ડર તા. ૨૮/૪/૨૦૧૫ના ૧૫.૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીજે રજીસ્ટર એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. ઉક્ત સમયબાદ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડરની વિગતો વેબસાઈટ www.ruraldev.guyjarat.gov.in ઉપર જોઈ શકાશે.
સહી/- (એમ. જે. ઠક્કર)
અધિક કમિશનર
ગ્રામ વિકાસ - ગુજરાત રાજ્ય
ગાંધીનગર
માહિતી/૫૯/૨૦૧૫-૧૬